## હરિની દૃષ્ટિ...



હવે પિતૃ નડે છે એ ફરિયાદ કરો છો....? એમને ઓળખતો હતો, એ જીવતા હતા ત્યારે તમે કેટલા નડ્યા હતા...!!!

# માનવીય અભિગમથી વિકાસને ઝડપી બનાવવા પંચાયત મંત્રીની અપીલ

## શૌચાલય અને આવાસ યોજનાના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા સામે નારાજગી તેમજ પત્રકોમાં થયેલી ભુલોને લઈ પુરતી કાળજી લેવા તંત્રને મંત્રીની તીખી ટકોર

ગાંધીનગર, તા. ૩૦

પંચાયતનું તંત્ર સંવેદનાની સાથે સાથે માનવીય અભિગમ દાખવી અને વિકાસના કામોને અગ્રતા આપે તેવો આગ્રહ આજે રાજ્ય પંચાયત મંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયાએ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં યોજનાકીય અમલીકરણની સમીક્ષા માટે આજે અધિકારીઓ સાથે ત્રણ કલાકથી પણ વધુ સમય માટે ચાલેલી સમીક્ષા બેઠકમાં તેમણે અત્યંત ઝીણવટભરી સમીક્ષા કરી ઘણી બધી યોજનાઓના અમલીકરણમાં થઈ રહેલા વિલંબ સામે નારાજગી પણ વ્યક્ત કરી હતી.

ખાસ કરીને સખી મંડળોની રચના અને ત્યારબાદ બેંકિંગ ગ્રેડીંગ તેમજ બેંકીંગ વ્યવહાર થયા કે નહિ તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અંગત રીતે મોનીટરીંગ કરવા સૂચવ્યું હતું.

શૌચાલય અને આવાસ યોજનાના અમલીકરણને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર જ્યારે આ મુદ્દાઓ પર ભાર મુકી રહી છે ત્યારે ઉદાસીનતા તંત્ર દાખવે એ યોગ્ય નથી.

શ્રી કવાડિયાએ મા અમૃતમ વાત્સલ્ય યોજનામાં લોકોને કાર્ડ ઝડપથી ઉપલબ્ધ બને તેમજ આરોગ્ય સેવાઓ પણ ઉપલબ્ધ બને તે જોવા તંત્રને સંવેદના સાથે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. વાહક જન્ય અને અન્ય રોગચાળાને નિયંત્રિત કરવા લેવાયેલા પગલાંઓને લઈ તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં કેટલીક શાખાઓ દ્વારા રજુ થયેલા પત્રકોમાં ક્ષતિ હોવાનું તેમના ધ્યાને આવતાં તંત્રએ પણ ભૂલનો સ્વીકાર કરતાં પત્રકો અને આંકડાકીય બાબતોમાં વિશેષ કાળજી રાખવા માટે તીખી ટકોર પણ માર્મિક રીતે કરી હતી.

જિલ્લામાં તંત્રને ગતિશીલ બનાવવા પર ભાર મુકતાં તેમણે જણાવ્યું હતું કે તલાટી કારકુન સહિતની ઘણી બધી જગ્યાઓ ભરી દેવામાં આવી છે ત્યારે આપણા સૌની જવાબદારી બને છે કે લોકોને વિકાસની મુખ્ય ધારામાં ઝડપથી ભેળવી ગતિશીલ અને પ્રગતિશીલ જિલ્લો આપણો બને.

પશુપાલન ક્ષેત્રે થયેલી પ્રશંસનીય કામગીરી માટે તેમણે તંત્રને બિરદાવ્યુ હતુ તેમજ કૃત્રિમ બીજદાનમાં પ્રથમ સ્થાન રાજ્યકક્ષાએ મેળવવા માટે વિશેષ અભિંદન આપ્યા હતા.

વોટર શેડ પ્રોજેક્ટમાં આંકડાકીય વિગતોના અભાવને લઈ તેમણે સમીક્ષા કરવાનું ટાળ્યું હતું.

આજની આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજ્યાણી તેમજ જિલ્લા પંચાયતની તમામ શાખાઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



વિજ્ઞાન મેળો : ગાંધીનગર મહાનગરપાલિકા યોજિત શહેર કક્ષાનો વિજ્ઞાન મેળો સેક્ટર-૨૦ પ્રાથમિક શાળા ખાતે આરંભાયો છે. શાસનાઅધિકારી અસ્મિતાબેન દવએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ભાવનગરના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી વાઈરલ ફિવરમાં સપડાયા હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે.

● રાજ્યના આરોગ્યમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ આજે સિવિલ હોસ્પિટલમાં ધારાસભ્ય શ્રી વાઘાણીની તબિયત જોવા ગયા હતા. તેમણે તબીબો સાથે સારવારને લઈ પૃચ્છાઓ કરી હતી.

● ગુજરાત યુનિ.ની ઈન્ટરઝોન સ્પર્ધાઓ આગામી ૨ અને ૩ ઓક્ટો.ના રોજ અમદાવાદ ખાતે યોજાઈ રહી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાના અર્બન હેલ્થ સેન્ટરોની સેવાઓના સઘનીકરણ માટે વિવિધ જગ્યાઓના ઈન્ટરવ્યુ યોજાયા હતા.

● મહાનગરપાલિકા કોંગ્રેસ પક્ષના સાત જેટલા સભ્યો ગોવાના તાલિમ વર્ગમાં ભાગ લેવા જવાના નથી.

● સચિવાલય સંકુલના બ્લોક નં. ૨ સામે આવેલ પાર્કિંગમાં આજે બે વાહનો વચ્ચે અકસ્માત થયો હતો.

● રાજ્યમંત્રીમંડળની બેઠક આજે સવારે નહિ સાંજે શરૂ થઈ હતી અને તે મોડી રાત સુધી ચાલુ રહી હતી.

## ગુમસુધા હજ યાત્રીઓની ભાળ માટે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગરનો પણ સંપર્ક કરી શકાશે

ગાંધીનગર, તા. ૨૯

ચાલુ વર્ષ દરમ્યાન મક્કા શરીફમાં મીના હોનારતમાં મોટી સંખ્યામાં શહીદ થયેલા હજ યાત્રીઓનો ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગરના અધ્યક્ષશ્રી સુફીસંત એમ.કે. ચિશ્તી, ઉપાધ્યક્ષશ્રી, ગનીભાઈ કુરેશી દ્વારા ખીરાજે અકીદત પેશ કરવામાં આવે છે. તથા સાઉદી સરકાર સમક્ષ ગેર વ્યવસ્થા કારણે થયેલ હોનરત બાબતે જ જવાબદારી નક્કી કરવા તથા ત્વરીત સહાયરૂપ કામગીરી કરવા માંગણી કરેલ છે, તથા જે કોઈ હજયાત્રી ગુમ થયા હોય. ભાળ ન મળી શકતી હોય, તેવા સંજોગોમાં ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગરના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી તથા નિગમની ઓફીસમાં સંપર્ક કરી શકાશે.

અધ્યક્ષશ્રી મો. નં. ૯૯૭૮૪-૦૫૭૯૯, ઉપાધ્યક્ષશ્રી મો.નં. ૯૮૨૫૦-૩૧૦૯૭, અધ્યક્ષશ્રીના પી.એ. - ૯૮૨૫૫-૫૦૬૨૫, ઓફીસનો નં. ૦૭૯-૨૩૨૫૪૫૮૩ પર સંપર્ક કરી હજયાત્રીઓની વિગતો મેળવી શકાશે.

## રાજકોટમાં સમસ્ત લેઉવા પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો

પટેલ સમાજ મવડી પ્લોટ રાજકોટ દ્વારા ગુજરાતમાં વસતા લેઉવા પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મિલન સમારોહ વિનામૂલ્યે તા. ૧ ઓક્ટોબરથી ૭ ઓક્ટોબર-૨૦૧૫ સુધી દરરોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી સવારે રાજકોટ મુકામે યોજાશે. સંચાલન શ્રી ગોરધનભાઈ લીંબાસિયા અને નાથાભાઈ ડોબરિયા સંભાળી રહ્યા છે. વધુ માહિતી માટે સમાજના પ્રમુખશ્રી અર્જુનભાઈ લીંબાસિયાનો ૦૨૮૧-૨૩૬૦૪૬૪ અને ૯૯૨૪૦-૨૩૩૪૪નો સંપર્ક કરવા જણાવેલ છે.

## કોલવડામાં વરલી મટકાનો જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

કોલવડા ગામમાં નિશાળ વાળા વાસમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રહ્યા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસ મથકના સિનિ. પી.એસ.આઈ. ડી.બી. વાળા તથા ટીમે આજે સાંજે દરોડો પાડયો હતો. વરલી મટકાના આંકડા લખી રહેલા ચાર શખ્સોને રંગે હાથ પકડી પાડવામાં આવ્યા હતાં.

કોલવડાના શની મંગા ઠાકોર, દશરથ શકરા પરમાર, જગા ફુલા ઠાકોર અને ચતુર રામા રાવળ મળી ચારની ધરપકડ કરી લેવામાં આવી છે જયારે ત્રણ શખ્સો વોન્ટેડ છે. જેમાં પોપટ બબા ઠાકોર, અશોક કેશા ઠાકોર અને રાજુ સરદાર લુહારનો સમાવેશ થાય છે. બે મોબાઈલ અને રોકડ રૂ. ૫૧૧૦ મળી કુલ રૂ. ૬૧૧૦નો મુદામાલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પી.એસ.આઈ. - એ.એસ.આઈ.ની આખરી યાદીમાં સ્થાન પામનાર ઉમેદવારોની તાલીમની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી પી.એસ.આઈ. અને એ.એસ.આઈ.ની ત્રણ તબક્કાની ભરતીપ્રક્રિયા પૂર્ણકરવામાંઆવી હતી. જેમાં આખરી પસંદગી યાદીમાં સ્થાન પામનાર કુલ ૧૩૦૦ ઉમેદવારોની કરાઈ અને જુનાગઢ ખાતે તાલીમની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યના પોલીસ તંત્રમાં પોલીસકર્મીઓની ખુબ જ મોટી ઘટ છે. તેમાંય જેને પાયાના અધિકારી કહેવાય તેવા પી.એસ.આઈ. અને એ.એસ.આઈ.ની સંખ્યાની મોટી ઘટને પહોંચી વળવા માટે રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૫૦૦ પી.એસ.આઈ. અને ૮૦૦ એ.એસ.આઈ.ની સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બોર્ડ દ્વારા શારીરિક, લેખિત અને મૌખિક એમ ત્રણ તબક્કામાં ઉમેદવારોની કસોટી લેવામાં આવી હતી. જેમાં બોર્ડે તાજેતરમાં આખરી પસંદગી યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં ૩૩૫ પુરૂષ, ૧૬૫ મહિલા મળી કુલ ૫૦૦ પી.એસ.આઈ. અને ૫૩૬ પુરૂષ, ૨૬૪ મહિલા એ.એસ.આઈ. મળી કુલ ૮૦૦ એ.એસ.આઈ.નો સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી પસંદગી પામેલા કુલ ૫૦૦ પી.એસ.આઈ.ને ગુજરાત પોલીસ અકાદમી કરાઈ અને ૮૦૦ એ.એસ.આઈ. પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ ખાતે ઉમેદવારોને તાલીમની ફાળવણી કરવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

માડી તારા આવવાના એંધાણા થયા : નવરાત્રિના કાઉન-ડાઉન આરંભાતા જ નગરના જનજીવનમાં એક નવી ચહલ-પહલ આરંભાઈ છે. નવરાત્રિના ગરબે ગાવાના ડ્રેસની પસંદગીનો માહોલ શહેરમાં જામ્યો છે. યુવક હોય કે યુવતી નવરાત્રીના નવે દિવસ ક્યા ક્યા ડ્રેસ પહેરવા ગમશે તેની પસંદગી અત્યારથી જ થઈ રહી છે અને તે માટે શહેરમાં અનેક સ્ટોલો આરંભાયા છે.

## મનપા દ્વારા લેવાનાર મહિલા કન્સલ્ટન્ટ સમાજ સંગઠકના ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિશન મંગલમ્ શાખામાં ૧૧ માસના કરાર આધારિત મહિલા કન્સલ્ટન્ટ અને સમાજ સંગઠકની જગ્યાઓ ભરવા માટે આગામી તા. ૧ અને ૩ ઓક્ટોબરના રોજ ઈન્ટરવ્યૂ યોજાનાર હતા જે વહીવટી કારણોસર મોકુફ રાખવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તા. ૧૨-૧૦-૨૦૧૫ના રોજ મહિલા કન્સલ્ટન્ટ અને ૧૩-૧૦-૨૦૧૫ના રોજ સમાજ સંગઠકના ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું છે. ઈન્ટરવ્યૂ માટેનો સમય અને સ્થળમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, તેમ નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરે જણાવ્યું છે.

# ભુમાફીયાઓએ કરાઈ ગામના ખેડૂતની કરોડોની જમીન પચાવી પાડી

## કોબા પાસે સંતોષી માતાનું મંદિર બનાવનાર મોહન રામી આ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર હોવાનું ખુલતા તેની સામે પણ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક સ્થિત કરાઈ ગામની કરોડોની કિંમતની આઠેક વિઘા જમીનના માલીક ખેડૂતની વારસાઈમાં બોગસ રીતે નામ ચઢાવી કરોડોની જમીન પચાવી પાડવામાં આવી હોવાનું બહાર આવતા ગઈકાલે ડભોડા પોલીસમથકમાં ભુમાફીયા સામે ગુનો નોંધાવા પામ્યો છે. આ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર તરીકે મોહન રામીનું નામ ખુલ્યુ છે. જેમણે કોબા પાસે સંતોષીમાતાનું મંદિર બનાવેલુ છે. ડભોડા પોલીસે ભુમાફીયાઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કરાઈ ગામની સીમના સર્વે નં. ૧૫૩ વાળી આઠેક વિઘા જમીનના મુળ માલીક ધમાજી જેઠાજી ઠાકોર હતા. તેમના અવસાન બાદ સીધી લીટીના વારસદાર તરીકે તેમના દીકરી પુંજીબેનનું નામ દાખલ થયું હતું. આ જમીનમાં કૌટુંબીક સગા તરીકે લાલજીભાઈ પ્રતાપભાઈ રામી કે જેઓ પુંજીબેનના સગા કે કુટુંબી ન હોવા છતાં કોઈ રીતે નામ દાખલ કરાવી નોંધ પડાવી મોહનભાઈ રામીએ પોતાનું નામ વારસાઈ હક્કે ખેડૂત ન હોવા છતાં દાખલ કરાવી દીધુ હતુ. ૩૦ જુલાઈ ૧૯૮૧ના રોજ અવસાન પામેલા પુંજીબેનની હયાતી બતાવીને હક્ક કમી કરાવવી તથા નામ કમી કરાવી જમીન પાર્વતી સાવલીયાને વેચી મારી હતી. તે જમીન પણ પાર્વતીબેને નવા વાડજની પાર્ટીને વેચી દેવામાં આવી હતી. ભુમાફીયાઓ સામે પુંજીબેનના દીકરા ઉદાજીએ ફરીયાદ આપતા ડભોડા પોલીસે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. મુખ્ય સુત્રધાર મોહન રામી સહીતના આરોપીઓ ભુગર્ભમાં ઉતરી ગયા છે. મોહન રામીની લીંબડીયા પાસે વિમલ પ્રેસ્ટીસાઈડ કંપની તથા નરોડા જીઆઈડીસી અને ઝોક જીઆઈડીસીમાં પણ જંતુનાશક દવાની કંપની છે. તે ઉપરાંત પાર્ટી પ્લોટો તથા કોબા પાસે સંતોષીમાતાનું મંદિર પણ ઉભુ કરેલ છે. આ તમામ મિલ્કત સંદર્ભે પોલીસે તપાસ શરૂ કરી છે.

## રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ઓલ ઈન્ડિયા સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અન્ડર ટેકીંગ, ન્યુદિલ્હી દ્વારા તાજેતરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટેનો નેશનલ લેવલનો વર્કશોપ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં 'A.S.R.T.U. 'ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, આનંદ રાવ (આઈ.એ.એસ.), 'A.S.R. T. U 'ના વાઈસ પ્રસિડેન્ટ અને ગુ.રા.મા. વા.વ્ય. નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક, પંકજકુમાર (આઈ.એ.એસ.), રાજસ્થાન એસ.ટી.ના મેનેજીંગ ડાયરેક્ટર, રાજેશ યાદવ (આઈ.એ.એસ.), બોમ્બે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના મેનેજીંગ ડાયરેક્ટર, શ્રી ડૉ. એકરૂપ કૌર, (આઈ.એ.એસ.), કર્ણાટક એસ.ટી.ના મેનેજીંગ ડાયરેક્ટર રાજેન્દ્રકુમાર કટારીયા, (આઈ. એ. એસ.) ગુજરાત એસ.ટી. નિગમના બોર્ડ ઓફ ડીરેક્ટર ભગવાનદાસ પંચાલ અને વિવિધ રાજ્યોના સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટના ઉચ્ચ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા. રાજ્યોના પ્રતિનિધિઓ તરફથી તેમના રાજ્યમાં એસ.ટી. નિગમમાં પી.પી.પી.ના ધોરણે બસ સ્ટેશનના વિકાસ અન્વયેના મોડેલો, તેનો પ્રોગ્રેસ, તેના પ્રશ્નો પર પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ દ્વારા વાઈબ્રન્ટ બિઝનેસ સમિટ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના યુવા સંઘ દ્વારા આગામી તા. ૪ અને ૫ ઓક્ટોબર દરમ્યાન મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય કક્ષાની આ બિઝનેસ સમિટમાં બીટુબી, બીટુસી, બીટુઆઈ, બીટુજી પ્રકારની બેઠકો યોજાશે અને વિવિધ ક્ષેત્રે એમઓયુ પણ સાઈન કરવામાં આવશે. પરસ્પર નેટવર્ક દ્વારા ડીલર તથા ડિસ્ટ્રીબ્યુટર્સ તેમજ રીટેઈલ ઉદ્યોગને વિકસાવવા પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવશે તેમજ ઈનોવેટીવ બીઝનેસ કોન્સેપ્ટ ન્યુ પ્રોજેક્ટસ અને ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ બીઝનેસને વેગવંતો બનાવવા પ્રયત્નો હાથ ધરાશે. આ સમિટમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા પ્રોડક્ટ મેન્યુફેક્ચરીંગ, સર્વીસીઝ તથા ઉદ્યોગ જગતને સાંકળતા બધાજ પાસાઓનું માર્ગદર્શન પણ અપાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

